ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૩-૨૦૧૫, શનિવાર

તંત્રી સ્થાનેથી....

દિગ્વિજયના પંથે ભારતીય ટીમ

જાણે શુભ શુકન જોઇને સંચર્યા હોય એમ મહેન્દ્રસિંહ ધોનીના વછેરા એક પછી એક તમામ મેચો હસ્તગત કરી ભારતીય ક્રિકેટનો વિજયધ્વજ ફરકાવી રહ્યા છે ત્યારે સ્વાભાવિક છે કે દેશવાસીઓ એમના નામ પર ગૌરવ જ અનુભવે. ઓસ્ટ્રેલિયાની ધરતી પર શરૂમાં કટ્ટર હરીફ પાકિસ્તાનને પછાડીને વિશ્વકપની દિશામાં આગેકૂચ કરી રહેલી ભારતીય ટીમ માટે હવે ચક્રવ્યૂહના ફક્ત છેલ્લા બે જ કોઠા જીતવાના બાકી રહ્યા છે. સામાન્ય રીતે ટીમના જય-પરાજયનો જશ-અપજશ એના સુકાનીના જ ફાળે જતો હોય છે. પરંતુ ભારતીય ટીમની અત્યાર સુધીની સાતે સાત મેચમાં અલગ અલગ ખેલાડીના શિરે જીતનો સેરો બંધાવો છે તે સૂચવે છે કે ટીમમાં બધા જ ખેલાડી એકમેકની બરાબરી કરે એવા છે. વિરાટ કોહલીથી લઇ રોહિત શર્મા સુધીના સદી-વીરો અને શમી જેવા ધાર્યું નિશાન પાડનારા બોલરો એ ધોનીના હાથપગ છે. મહેન્દ્ર ધોનીની વ્યૂહરચના દર વખતે સફળ રહી, તે પણ નસીબની જ બલિહારી છે. નહીંતર આ જ ધોનીને ચીલાચાલુ રમતોમાં વારંવાર હારનો સામનો કરવો પડ્યો છે અને લોકનિંદાનો ભોગ પણ બનવું પડ્યું છે. ક્રિકેટ એ શક્યતાનો ખેલ છે. સામેની ટીમો પણ હારવા માટે મેદાનમાં નથી ઊતરતી. વળી એ પૈકીની કેટલીક ટીમો અગાઉ વિશ્વ ચેમ્પિયન પણ બની ચૂકી છે. પરંતુ ખરો મહિમા ફોર્મનો છે. આ ફોર્મ એટલે દૃઢ સંકલ્પ. ધોનીને પાક્કી ખાતરી છે કે ભારત આ વખતે વિશ્વકપ લઇને જ જંપશે. સળંગ તમામ મેચો જીત્યા પછી સ્વાભાવિક કે દરેક ખેલાડીનું મનોબળ આસમાને હોય. ભારત અત્યારે તો સેમી ફાઇનલમાં પહોંચ્યું છે. વિશ્વકપ હજી બે ડગલાં છેટો છે. આપણે આશા રાખીએ કે સેમીફાઇનલમાં સામે આવનારી ઓસ્ટ્રેલિયાની ટીમ સામે જીતીને ભારતીય ટીમ ફાઇનલમાં પહોંચે અને ત્યાં પણ ભારતનો જ વિજયધ્વજ ફરકાવી વિશ્વકપ પર કબજો જમાવી દેશનું ગૌરવ વધારે.

નારાયણભાઈ ગાંધીકથા નિમિત્તે ૨૧થી ૨૫ જૂન, ૨૦૦૯ દરમ્યાન ગાંધીનગર રોકાયા હતા

નારાયણભાઈની ગાંધીનગર મુલાકાત નગરજનો માટે હરિરસ પીધાની લ્હાણ

આજે ગાંધીનગર આખું જેમને શ્રધ્ધાંજલી પાઠવવા જઈ રહ્યું છે એવા અસલ ગાંધીભક્ત સ્વ. નારાયણભાઈ દેસાઈની બહુ મોટી સ્નેહયાદ ગાંધીનગર શહેર અને તેના શહેરીઓના મનમાં અકબંધ છે. આ યાદ છે નારાયણભાઈની ગાંધીનગર મુલાકાત દરમ્યાનની, જ્યારે ગાંધીનગરના ઈતિહાસમાં એક સુવર્ણ પાનું ઉમેરાયું હતું - 'ગાંધીકથા'ના નામે

(કુંતલ નિમાવત દ્વારા)

ગાંધીનગર કલ્ચરલ ફોરમ અને નગરની સહયોગી સંસ્થાઓના સૌજન્યથી ગાંધીનગર ખાતે સર્વપ્રથમ વખત નારાયણભાઈની વ્યાસપીઠે 'ગાંધીકથા'નું આયોજન કરવામાં આવ્યું હતું : ૨૧થી ૨૫ જૂન, ૨૦૦૯ દરમ્યાન, ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે.

પ્રસંગનું આયોજન તો સરળતાથી થઈ ગયું પણ પછી કથાકાર અને આયોજકો એ સૌનાં મનમાં તેની સફળતા અંગે અવઢવ હતી. પરંપરાગત કાર્યક્રમોથી સાવ અલગ જ આ પ્રસંગ હતો. વળી, નારાયણભાઈને તો ગાંધીકથા વિશે લાંબો-પહોળો અનુભવ પણ હતો. બહુધા એવું થતું કે ગાંધીકથાનું આયોજન મોટા પાયે મોટાં માથાઓ દ્વારા થતું પરંતુ પછી શ્રોતાઓમાંય મોટાં માથાઓ જ આવતાં, બહુ નહીં. ગણી શકાય એટલાં વયસ્ક ગાંધીપ્રેમીઓ અને વિદ્યાર્થીઓ (ખાસ કરીને પીટીસીના વિદ્યાર્થીઓ) એ એમનો કાયમી શ્રોતાગણ.

પરંતુ, થયું એવું કે ગાંધીનગરમાં ગાંધીકથાનો આ પ્રસંગ એ ઊભય પક્ષે શાનદાર ને યાદગાર રહ્યો. પ્રણામ નારાયણભાઈને કે એમણે ગાંધીનગરને ગાંધીકથાના માધ્યમથી હરિરસના ઘૂંટ પાયા અને સલામ ગાંધીનગરના એ નગરજનોને જેમણે આ ગાંધીકથાને અદ્‌ભૂત પ્રતિસાદ આપીને નારાયણભાઈના મનમાં ગાંધીનગરની મીઠી યાદોને અમર કરી દીધી. એ પછી અનેક પ્રસંગે ને અનેક સ્થળે નારાયણભાઈએ ગાંધીગરની ગાંધીકથાની સફળતાનો ઉલ્લેખ કર્યોછે.

પ્રસંગની શરૂઆત જ રોચક હતી, જેણે નારાયણભાઈને રોમાંચિત કરી દીધા હતા. કથાના પ્રથમ દિવસે નારાયણભાઈએ આગમન કર્યું ત્યારે એમનું જે રીતે સ્વાગત થયું એ બાબત જ એમને સ્પર્શી ગઈ. એમને આવકારવા ઘ-૪ સર્કલથી માંડીને ટાઉનહૉલની ફૉયર સુધી ખાદીનાં વસ્ત્રોમાં સજ્જ બહેનો અને સ્કૂલ યુનિફોર્મમાં સજ્જ વિદ્યાર્થીઓ રસ્તાની બંને તરફ હારબંધ ઊભા હતા, જેમણે નારાયણભાઈના આગમન પહેલાંથી જ 'રઘુપતિ રાઘવ રાજા રામ' અને 'વૈષ્ણવજન તો તેને રે કહીએ'નું ગાન શરૂ કરી દીધું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને ગાંધીકથા આયોજન સમિતિના અધ્યક્ષ સ્વ. માણેકલાલ પટેલ દ્વારા સુતરની આંટીથી નારાયણભાઈનું સ્વાગત કરવામાં આવ્યું ને પછી તેમની પાછળ આખોય ગાંધીપ્રેમી કાફલો ટાઉનહૉલ સુધી ચાલ્યો. આગળ વિદ્યાર્થીઓનું બેન્ડ, રસ્તાની બંને તરફ ગાંધીજીને પ્રિય એવાં ગીતોનું ગાન અને પાછળ માથે ગાંધીકથા મૂકીને આદરપૂર્વક ચાલતી વિદ્યાર્થીનીઓ. આખો માહોલ જ જાણે નારાયણભાઈને ગમી જાય તેવો. હજુ તો એ પોતાનો રોમાંચ વ્યક્ત કરે એ પહેલાં ટાઉનહૉલ સામેના બગીચામાં તેમણે વિદ્યાર્થીઓને સમૂહ કાંતણ કરતા જોયા. આ તેમની ૭૫મી ગાંધીકથા હતી, જે નિમિત્તે ૭૫ યુવકો સમૂહમાં રેંટિયાથી કાંતણ કરી રહ્યા હતા. આ વાતનો ઉલ્લેખ કરાતાં નારાયણભાઈ ગદ્‌ગદિત થઈ ગયા હતા.

ધાર્મિક કથા માટે ફૂલોથી સજેલો ટાઉનહૉલ, હૉલના પ્રવેશદ્વારે ધ્યાનમાં બેઠેલા ગાંધીજીનું આદમકદનું પેઈન્ટીંગ, લૉબીમાં ગાંધીજી તથા તેમની પ્રિય વસ્તુઓ લાકડી, ચશ્માં, પગરખાં, રેંટિયો દર્શાવતી મનભાવન રંગોળી, પરંપરાગત ઢાળથી સજાવેલી વ્યાસપીઠ અને શ્વેત વસ્ત્રોથી ઓપતું સ્ટેજ - માહોલ જ એવો અનૂઠો હતો કે જેણે ન માત્ર નારાયણભાઈને, પરંતુ સમગ્ર આગંતુકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સ્ટેજ પર નારાયણભાઈના આગમન સાથે જ ગૂજરાત વિદ્યાપીઠની વાદ્ય-ગાયક ટીમે ગીત ઉપાડ્યું હતું : 'ગાંધીના ભાગલા પાડશો મા, શાણા ઓ માનવી...' કેટલું સૂચક! આમ, નારાયણભાઈના પ્રથમ પગરણે જ આ પ્રસંગનો સ્તર કેટલી ઊંચાઈ પર છે એનો અણસાર આપી દીધો હતો.

આવકાર પ્રવચન આપતાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ એ બાબતનો ઉલ્લેખ કર્યો હતો કે ગાંધીકથાને એક અમોલો પ્રસંગ બનાવવા માટે ન માત્ર આયોજક સંસ્થાઓએ પરંતુ સમગ્ર ગાંધીનગરે સમૂહયજ્ઞ આદર્યો હતો. ગાંધીકથા પહેલાં ગાંધીજીનો સંદેશ નગરના ૨૩ હજાર પરિવારો સુધી પહોંચે એ માટે યુવાનો દ્વારા શેરીનાટકો તથા સ્કૂલ્સમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું તો પિનાકીન વ્યાસ જેવા નગરના ગૌરવ સમાન કલાકારના નેતૃત્વમાં ગાંધીનગરની વાદ્ય-ગાન ટીમે પણ ગાંધીજીનાં ગીતો પ્રસ્તુત કરીને નારાયણભાઈનું દિલ જીતી લીધું હતું. નિત્ય સવારે નગરમાં પ્રભાતફેરી નીકળતી. ટાઉનહૉલ તો જાણે ગાંધીકથા માટે સમર્પિત. સવારથી બપોર સુધી ગાંધીકથા અને રાત્રે ગાંધીસ્તુતિના અનોખા કાર્યક્રમો. પહેલી જ રાત્રે યોજિત 'દેશની દીવાદાંડી - મોહનદાસ કરમચંદ ગાંધી' નામક કાર્યક્રમ આજેય પ્રેક્ષકોનાં મનમાં અમર છે. ગાંધીકથાના દિવસો દરમ્યાન ગાંધી દર્શન-પ્રદર્શન, ગાંધી સાહિત્ય-પુસ્તક પ્રદર્શન, ખાદી ગ્રામોદ્યોગ દ્વારા પ્રદર્શન અને વેચાણ તથા ઓર્ગેનીક ફૂડ સ્ટોલ - બધે જ અપ્રતિમ પ્રતિસાદ!

સૌથી અદ્‌ભૂત વાતાવરણ ટાઉનહૉલના ઑડિટોરિયમમાં - મનાકર્ષક શાંતિ, નારાયણભાઈની મીઠી જુબાનથી નવા જ સ્વરૂપે અભિવ્યક્ત થતા ગાંધીજી અને કથાનો રાસ જાળવી રાખતાં ગીતોનું ગાન. આ એ બાબત હતી જેણે હરિરસ પીધાની અનુભૂતિ ગાંધીનગરને કરાવી હતી! મીઠી યાદ! ચિરંજીવ યાદ! 'ગાંધીજી વિશે આપણે બધું જાણીએ છીએ' એવી ભલભલાની માન્યતા ખોટી સાબિત થઈ હતી એટલા ને એવા ગાંધીજી નારાયણભાઈએ પોતાની ગાંધીકથાના માધ્યમથી રજૂ કર્યા હતા.

એમની રસાળ કથાશૈલી, સાદગી, સરળતા ને એમના વ્યક્તિત્વની પારદર્શિતા ક'દિ ન ભૂલી શકાય એવી - એક ગાંધીભક્ત-ગાંધીવાદી કેવો હોય એનો આદર્શ નમૂનો! કથાના પ્રારંભે એમણે ગાંધીજી માટે ઉચ્ચારેલા શબ્દો ખુદ એમના માટે જ કેટલા સાર્થક છે! 'હું તો પુણ્યનું પોટલું વહેંચવા નીકળેલો માણસ છું. આ મારી પોતાની કોઈ મૂડી નહીં. પણ જેની મૂડી છે એ આપણને સૌને પ્રેરણા આપે એવી છે.'

જેમ ગાંધીજી અમર છે, એમ નારાયણભાઈ પણ અમર છે.



ચૈત્રી નવરાત્રી નિમિત્તે મહિલા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના ગાયત્રી પરિવારના સહયોગથી જ્યોતિ મહિલા મંડળ અને વિવેક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચૈત્રી નવરાત્રી પર્વે મહિલાઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૨૪મી માર્ચ મંગળવારે બપોરે ૨.૩૦થી ૫ વાગ્યા દરમ્યાન સેક્ટર-૧માં ગાયત્રી મંદિર ખાતે યોજાશે. જેમાં દરેક વયની બહેનો ભાગ લઈ શકે છે.

મહિલા વક્તૃત્વ સ્પર્ધાનો વિષય દેવ્યાપરાધ ક્ષમાપન સ્ત્રોતમાં આવતી પંક્તિ 'કુપુત્રો નીયેત કવચિદિપિ કુમાતા ન ભવતિઃ' અર્થાત્ 'છોરું કછોરું થાય, માવતર કમાવતર ન થાય' રાખવામાં આવ્યોછે. આ વિષયે સ્પર્ધક આધ્યાત્મિક, ધાર્મિક, પર્યાવરણ સંબંધી, સામાજિક, પારિવારિક અને વ્યક્તિગત સંદર્ભે સદૃષ્ટાંત છણાવટ કરે તે અપેક્ષિત છે. જેમ કે જનની, જન્મભૂમિ, ધરતી, ગાય, નદી, પ્રૃતિ વગેરે અંગે ગૂઢાર્થ ધરાવતા વિષયો પર પ્રકાશ પાડી શકાશે.

આ સ્પર્ધામાં વ્યક્તવ્યનો સમય બે મિનિટનો રહેશે. સ્પર્ધામાં નામ નોંધાવવા માટે જશુબેન ઠક્કર (૦૭૯-૨૩૨-૨૫૧૪૨), લત્તાબેન ચોકસી (૦૭૯-૨૩૨-૨૦૧૬૦), મીનળબેન ઓઝા (૦૭૯-૨૩૨-૪૬૮૦૨, મો. ૯૪૨૭૫૦૯૨૫૩) અને ચેતના બૂચ (૦૭૯-૨૩૨-૬૦૩૭૦) સંપર્ક કરવા જણાવાયું છે.

ચૌધરી મહિલા કોલેજમાં વિવિધ વિષયે વ્યક્તવ્યો યોજાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સે. ૭માં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તા. ૧૯મી માર્ચે જુદા જુદા વિષયો પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાયનેક ડૉ. રીટાબેન શાહ દ્વારા હેલ્થ અને ફિટનેસ ઉપરાંત ડાયેટ એજ્યુકેશન, ફુડ ન્યુટ્રીશન, હેલ્થ ડાઈજીંગ વગેરે સંદર્ભે વ્યક્તવ્ય આપ્યુ હતુ. તેમજ સ્તન અને ગર્ભાશયના કેન્સર અંગે માહિતી આપી હતી. રાજ્યના પ્રથમ મહિલા આરટીઓ અધિકારી ઋત્વિજા ધાનીએ રોડ સેફટી અને માર્ગ અવેરનેસ વિષયે, સ્પોર્ટસ ડેવલપમેન્ટ મેનેજર કિશોરસિંહ ચૌહાણે લીડરશીપ એન્ડ કેરિયર ગાઈડન્સ અંગે પ્રેરક વ્યક્તવ્યો આપ્યા હતા. આ કાર્યક્રમના આયોજન માટે પ્રા. સોનલ મોદીએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં આચાર્યા ડૉ. ઉર્મિલા એન. ચૌધરી, કર્મચારીગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી

અદબ પલાઠી મોં પર આંગળી
- ડૉ. સંતોષ દેવકર

ડુબકીયા સિધુમેં ગોતાખોર લગાતા હૈ
જા જા કર ખાલી હાથ લૌટકર આતા હૈ
મિલતે નહીં સહજ હી મોતી ગહરે પાની મેં
મુઠ્ઠી ઉસકી ખાલી હરબાર નહીં હોતી
કુછ કીયે બિના હી જય જયકાર નહિ હોતી
કોશિશ કરને વાલો કી કભી હાર નહીં હોતી
(હરિવંશરાય બચ્ચન)

તમે એક સાથે એક જ બેન્ચ પર બેસીને ભણતા હો, સાથે જ વાંચતા હો, લેશન કરતાં હો, છતાં તે કેવી તૈયારી કરે છે બોર્ડમાં ટોપ રેન્કમાં આવે છે અને તમે માત્ર પાસ જ થાવ છો? તને જેને ચોપડીની કીડો કહેતા હતા, જેને સાઇકલ ચલાવતાં પણ નહોતી આવડતી તે પાઇલોટ કેવી રીતે થઇ ગયો? તેણે એવી તે કેવી તૈયારી કરી હશે? કંઇ રીતે આપણા કરતાં વધુ સફળતા મેળવી હશે?

આપની પ્રગતિ અને તેની પ્રગતિમાં તફાવતનાં અનેક કારણો એ છે કે તે જે કંઇ કરે છે તે રસપૂર્વક અને સખત મહેનતથી કરે છે. લોકો પોતાના માટે શું બોલે છે કે શું વિચારે છે તેનો તેઓ કદીયે વિચાર કરતાં નથી. તેઓને માત્ર લક્ષ્ય જ દેખાય છે. તો સફળતા મેળવવાના પાંચ પગથિયાં તમે પણ તપાસો અને તમારી પ્રગતિ ચકાસો.

● લક્ષ્ય :

વિદ્યાર્થી મિત્રો, તમારો ગોલ શું? તમારો ધ્યેય નક્કી થઇ જાય પછી રસ્તાઓ આપોઆપ મળી રહે છે. પ્રથમ પગથિયું એ છે કે તમારે શું બનવું છે. કઇ લાઇનમાં આગળ જવું છે. જો પરીક્ષામાં ટકા લાવવા છે તો એ નક્કી હોવા જોઇએ કે હું અમુક ટકા તો ચોક્કસ લાવીશ જ. સફળ થનાર દરેક વ્યક્તિ પાસે પોતાનું લક્ષ્ય હોય છે જ. પોતાનો ગોલ નક્કી કરીને જ તેઓ આગળ વધતાં હોય છે. કોઇ પણ વ્યક્તિ પાસે એકવાર ડેસ્ટીનેશન નક્કી થઇ જાય પછી આગળ વધી શકાય છે.

ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની રોજની પ્રાર્થના
દરરોજ સવારે જયારે હું ઊઠું છું ત્યારે
દુનિયાને જોતા પહેલાં હું મારી જાતને
નિહાળું છું અને દરરોજના પડકારો ઝીલવા
તૈયાર થાઉં છું. એક અલૌકિક શક્તિ
મારામાં આત્મવિશ્વાસ ભરી દે છે. મને
આગળ વધવા પ્રેરે છે હું પડકારો
ઝીલી લઉં છું. હું અનુભવું છું કે
મારાથી કંઇ પણ અસંભવ નથી અને
કોઇ પણ લક્ષ્ય દૂર નથી.

● એકાગ્રતા :

નંબર વન કે ટોપ પર પહેવા માટે એકાગ્રતા સૌથી વધુ મહત્વની છે. તમે તમારા કાર્યમાં ખોવાઇ જાવ તન-મનને તેમાં પરોવી દો. તેને નિચોવી નાખો. તેના સિવાય બીજું કશું જ યાદ આવવું ના જોઇએ. રાત-દિવસ તેના જ સ્વપ્નો આવવાં જોઇએ. તમારી એકાગ્રતા જેટલી તીવ્ર તેટલી સફળતા મળવાના ચાન્સીસ વધુ.

● પુરુષાર્થ :

'મહેનત કર્યા વગર કશું જ મળતું નથી.' આ બ્રહ્મવાક્યને ગાંઠે બાંધી રાખવું જોઇએ. કશું પણ કર્યા વગર મફતનું મને મળી જશે એવા ભ્રામક ખ્યાલોથી દૂર રહેવું જોઇએ. અરે, સામાન્ય જીવન જીવવા માટે પણ પુરુષાર્થ જરૂરી છે. પ્લાનીંગ મુજબનો પુરુષાર્થ કરવો પડે છે, ઘાંચીના બળદ જેવી વેઠ નહીં. ઘાંચીનો બળદ ગમે તેટલાં કિ.મી. ચાલે તો પણ આગળ વધી શકતો નથી. મહેનત તો ઘરણ ચણતાં કે રસ્તાઓ ખોદતાં મજૂરો પણ કરતાં હોય છે. અદ્યતન સાધનો અને માહિતીની જાણકારી, ઉપયોગ સાથેનો પુરુષાર્થ જ ટોપ ઉપર લઇ જાય છે. તમારો પુરુષાર્થ વૈજ્ઞાનિક, કલાત્મક અને ટેક્નોલોજીના ત્રિવેદી સંગમ વાળો હોવો જોઇએ.

● ત્યાગ :

કહેવત છે કે "કંઇક મેળવવા માટે કંઇક ગુમાવવું પડે છે." તમારે તમારા સ્વપ્નને સાકાર કહવું હોય, લક્ષ્ય સિદ્ધ કરવું હોય, તો તે ધ્યેય સિવાયની તમામ બાબતોને ત્યજવી પડે, ત્યાગ કરવો પડે. તમારા ધ્યેયને અનુરૂપ ન હોય તેવા તમામ આનંદ, પ્રમોદ, આરામ, મહેફિલ, વ્યવહાર, ખાવા-પિવાનું વગેરેનો ત્યાગ કરવો પડે. આ બધાં પ્રલોભનો - માયાજાળમાં જો ફસાઇ ગયા તો તમારા ધ્યેય સુધી પહોંચતા તમને યુગો વિતી જશે. ગાડીની જેમ એક જ દિશામાં દોડતાં રહેવું પડે. રસ્તામાં આવતાં સુંદર જંગલો, પર્વતો કે નદીઓ આવે તો પણ ગાડી મોહમાં ફસાઇને ઊભી રહેતી નથી. મોહિત કરનારી વસ્તુઓનો ત્યાગ કરીને જ તમે સફળતા તરફ આગળ વધી શકો.

● પ્રેમ :

જો તમે તમારા કાર્યને પ્રેમ કરતાં થશો તો તમારા કાર્યની ગુણવત્તા આપોઆપ સુધરવા માંડશે અને પ્રેમસે તો સારે જહાં પે અસર હોગી અગર નહીં હોગી તો સમજો હમારી કહી કસર હોગી. અને હા, તમારી માતાની પ્રેમભરી આંખોને નિહાળવાનો પ્રયત્ન કરજો, તમારા લક્ષ્ય તરફ આગળ વધવાની ગજબની તાકાત તમને મળી રહેશે. કહેવાયું છે કે "સબસે ઊંચી પ્રેમ સગાઇ" પ્રેમથી બધું જ શક્ય છે. જો તમે તમારા કાર્યને પ્રેમ કરો તો એ કાર્ય તમને બોજ નહિ લાગે. કામને બોજ વગરનું, ટેન્શન વગરનું કરવા માટે તમને કામને પ્રેમ કરતા થઇ જાવ. પ્રેમમાં જેમ વ્યક્તિ બધુ ભૂલી જાય છે તમે તમને તમારા કાર્ય સિવાય, લક્ષ્ય સિવાય બીજું કાંઇ પણ દેખાવું ન જોઇએ. કાર્ય પ્રત્યેના પ્રેમને કારણે ક્યારેય કંટાળો આવશે નહીં અને ખૂબ સારી રીતે તમે પૂર્ણ કરી શકશો.

મિસરી -
એક જંગલ હૈ તેરી આંખો મેં
મૈં જહાં રાહ ભૂલ જાતા હું
તુ કિસી રેલસી ગુજરતી હૈ
મૈં કિસી પુલસા થરથરાતા હું
- (દુષ્યંત કુમાર)

(sms - કિસન, મહેશ, અવધ, હર્ષ, મનન ધોરણ ૧૦ના વિદ્યાર્થી મિત્રો)